








# બીજા દિવસે પણ હાલાકીની 'કતાર'

## પેટ્રોલ-ડીઝલ રેશનિંગ જેમ અપાતાં વાહનચાલકોમાં રોષ

**ચીખલીમાં** ટુ વ્હીલર માટે 100 અને ફોર વ્હીલર માટે 200 રૂપિયાનું જ પેટ્રોલ અપાતું હોવાની રાવ

ઘેજ: ચીખલીમાં પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે કેટલાક પેટ્રોલ પંપના માલિકો સંચાલકો દ્વારા પોતાની મનમાની ચલાવી મર્યાદિત પેટ્રોલ ડીઝલ ભરી આપવામાં આવતા વાહનચાલકોમાં રોષ ફેલાઈ જવા પામ્યો છે. તંત્રની કોઈપણ જાતની લગામ વચ્ચે પેટ્રોલ પંપના માલિકો સંચાલકો પોતાના નિયમો બનાવી મનમાની ચલાવી રહ્યા છે.

ચીખલીમાં આજે બીજા દિવસે કેટલાક પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલ ન હોવાના બોર્ડ જોવા મળ્યા હતા અને બીજી તરફ કેટલાક પેટ્રોલ પંપો પર જથ્થો હતો ત્યાં વાહનોની લાંબી લાઇનો જોવા મળી હતી. જો કે જે પેટ્રોલ પંપો પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો હતો, તે પેટ્રોલ પંપના માલિકો સંચાલકો દ્વારા પોતાની રીતે નિયમો બનાવી માર્યાદિત જથ્થો ભરી આપવામાં આવી રહ્યો હતો.

આલીપોરમાં વાંસદા રોડ સ્થિત એક પંપ પર તો ટુ વ્હીલરમાં માત્ર 100 અને ફોર વ્હીલરમાં 200 રૂપિયાનું જ પેટ્રોલ ભરી આપવામાં આવતું હતું, ત્યારે દૂર ગામડેથી આવતા ટુ વ્હીલરમાં સો રૂપિયાના એકાદ લિટર પેટ્રોલમાં કેટલા કિલોમીટર કાપી શકાય તે સમજી શકાય તેમ છે.

આમ, પેટ્રોલ પંપના માલિકો સંચાલકોની મનમાનીથી વાહનચાલકો કફોડી સ્થિતિમાં મુકાતા રોષ જોવા મળ્યો હતો. પેટ્રોલ ડીઝલના જથ્થા બાબતે તંત્ર દ્વારા કોઈ સૂચના કે માર્ગદર્શિકા આપવામાં આવી નથી. પેટ્રોલ પંપના માલિકો સંચાલકો પોતાના જ નિયમો ચલાવી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા આવી સ્થિતિમાં સક્રિયતા દાખવી પંપના માલિકો સંચાલકો પર લગામ કસવામાં આવે તે જરૂરી છે.

## ઉમરગામમાં પંપ ઉપર પેટ્રોલ-ડીઝલ નથી ના બોર્ડ લાગ્યાં

ઉમરગામ: ઉમરગામ તાલુકામાં, શહેર અને જીઆઇડીસી વિસ્તારમાં ઘણી જગ્યાએ પંપ ઉપર પેટ્રોલ ડીઝલ નથી ના બોર્ડ લાગ્યા હતા. જ્યાં પંપ ઉપર પેટ્રોલ ડીઝલ મળતું હતું ત્યાં લાંબી લાંબી કતારો વાહન ચાલકોની જોવા મળી હતી. પેટ્રોલ ડીઝલના ભાવમા વધારો થવાનો ડર અને ઘણા પંપ ઉપર પેટ્રોલ ડીઝલ નથી ના બોર્ડ લાગતા લોકોને પેટ્રોલ-ડીઝલની અછત રહેવાની ચિંતા સતાવા લાગી છે. પેટ્રોલ ડીઝલની અછત હોય તેમ ઘણા પંપ ઉપર સ્કૂટર બાઈક અને કાર અને ટ્રક ટેમ્પો મોટા વાહનોમાં ફિક્સ રકમનું લિમિટમાં જ પેટ્રોલ ડીઝલ આપવામાં આવતું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ સમગ્ર બાબતે પુરવઠા ખાતુ ઊંઘતું હોય તેવી ચર્ચા ઉઠવા પામી છે. હાલ લોકો પંપો પર લાઇન લગાવી ઊભા છે, જો કે આગામી દિવસોમાં સ્થિતિ સુધરી શકશે.

## વલસાડમાં પેટ્રોલ પંપ પર લાઈનોના કારણે ટ્રાફિક જામ

**બીજા** દિવસે પણ અછતની અફવાને પગલે પેટ્રોલ માટે વાહનચાલકોની દોડાદોડ

વલસાડ: યુદ્ધની અસરને પગલે પેટ્રોલ-ડિઝલનો જથ્થો ઓછા પ્રમાણમાં આવી રહ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. જેના કારણે બેબાકળા બનેલા વાહનચાલકો પેટ્રોલ પંપ પર લાંબી કતારો લગાવી રહ્યા છે. ગુરુવારે આ લાઇન વધુ લંબાતી જોવા મળી હતી. આ પરિસ્થિતિ વચ્ચે લોકોમાં ઈંધણ ખૂટી જવાની ભીતિ ફેલાતા બુધવારથી જ પેટ્રોલ પંપો પર ભારે ભીડ ઉમટી રહી છે. ગુરુવારે વલસાડ શહેરના અંદરના પેટ્રોલ પંપો પર અડધા કિલોમીટર સુધી વાહનોની લાઈનો લાગી હતી. કલ્યાણ બાગ વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપ પર તો સ્થિતિ વધુ ગંભીર બની હતી. અહીં લાગેલી લાંબી લાઇનના કારણે ગાંધી લાયબ્રેરી સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો. કાર, બાઈક અને ઓટો રિક્ષાની કતારો રોડ પર ફેલાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

લોકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે, આગામી દિવસોમાં સપ્લાય વધુ ઘટી શકે છે, જેના કારણે લોકો જરૂરિયાત કરતાં વધુ પેટ્રોલ ભરાવવા દોડી રહ્યા છે. જોકે સત્તાવાર રીતે કોઈ અછત જાહેર કરવામાં આવી નથી.



## દમણના પાતલીયા હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માત

**ગંભીર** અકસ્માતમાં કારોમાં સવાર તમામનો બચાવ

દમણ: સંઘપ્રદેશ દમણના પાતલીયા કોસ્ટલ હાઈવે પર એક તરફના શરૂ થયેલા રસ્તા પર આજરોજ સવારે બે કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. દમણની સહેલગાહે આવેલા આણંદ શહેરનાં શોજીત્રા ગામમાં રહેતા એક પરિવારની હોન્ડા મોબીલીયો કાર (નં. GJ 23 BD 2776) અને વાપી હરિયા પાર્કમાં રહેતા પરિવારની નિશાન મેગ્નાઈટ કાર (નં. GJ 15 CR 3143) વચ્ચે સામસામે ધડાકાભેર અકસ્માત સર્જાવા પામ્યો હતો. બન્ને વાહનો વચ્ચે લાગેલી ટક્કર એટલી મોટી હતી કે બન્ને વાહનોના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી જવા પામ્યો હતો. જેમાં વાહનોને ભારે નુકસાન પહોંચવા પામ્યું હતું. જો કે, સદનસીબે આ ગોઝારા અકસ્માત સમયે બન્ને કારની એરબેગ સમયસર ખુલી જતાં અંદર સવાર તમામ લોકો પૈકી 4ને નાની મોટી ઈજાઓ પહોંચતા કાર સવારોનો આબાદ બચાવ થવા પામ્યો હતો. જેને પગલે મોટી જાનહાનિ ટળી જવા પામી હતી. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ ઇજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માતને પગલે કોસ્ટલ હાઇવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ક્ષતિગ્રસ્ત વાહનોને રસ્તાની સાઈડમાં હટાવી ટ્રાફિક રાબેતા મુજબ પૂર્વવત કરાવ્યો હતો.

## નવસારીમાં સાંજ પડતાં પેટ્રોલ પંપો પર વાહનોની ભીડ ઉમટી

**નવસારી: નવસારી શહેરમાં ગુરુવારની સાંજથી જ પેટ્રોલ પંપો પર વાહનચાલકોની ભારે અવરજવર જોવા મળી હતી. ખાસ કરીને દુધિયા તળાવ વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપ પર બાઈક અને કારોની લાંબી કતારો લાગતાં લોકોમાં એક પ્રકારની ઉતાવળનો માહોલ સર્જાયો હતો. શહેરમાં ઈંધણના ભાવમાં વધારો થવાની અટકળો વચ્ચે લોકો અગાઉથી જ પેટ્રોલ ભરાવી લેવા દોડી આવ્યા હતા. વાહનોની સતત અવરજવરથી આસપાસના વિસ્તારમાં ટ્રાફિકની સ્થિતિ પણ સર્જાઈ હતી. વાહનચાલકોમાં વધતી મોંઘવારીને લઈને ચિંતા સ્પષ્ટ જોવા મળી હતી. અનેક લોકોએ જણાવ્યું હતું કે રોજબરોજના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે અને ઈંધણના ભાવ વધશે તેવી ચર્ચાએ સામાન્ય માણસની મુશ્કેલી વધુ વધારી દીધી છે. કેટલાક લોકોએ સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં હાલની પરિસ્થિતિ અંગે આક્રોશ પણ વ્યક્ત કર્યો હતો. જોકે, પેટ્રોલના ભાવ વધારાને લઈને કોઈ સત્તાવાર જાહેરાત સામે આવી નથી, છતાં અફવાઓ અને ચર્ચાઓના કારણે શહેરના અનેક પેટ્રોલ પંપો પર લોકોની ભીડ જોવા મળી હતી.**

## સંક્ષિપ્ત સમાચાર

### આર. કે. દેસાઈ કૉલેજ ઓફ સાયન્સ વાપી માટે સિદ્ધિ અને ગૌરવની ક્ષણ





વાપી: વાપી સ્થિત આર. કે. દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત આર. કે. દેસાઈ સાયન્સ કોલેજ હેઠળ એમ.એસ. સી. કેમિસ્ટ્રી વિષયમાં અભ્યાસ કરતાં તેમજ કોલેજનું ગૌરવ કહી શકાય તેવા વિદ્યાર્થીઓ સિંઘ અનમોલ અને પટેલ યશની સ્વાતિ સ્પેન્ટોઝ પ્રાઇવેટ લિમિટેડ, વાપીમાં પ્લેસમેન્ટ દરમ્યાન પસંદગી કરી ક્વોલિટી કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટમાં જોબ એનાયત કરવામાં આવી છે. આ ઇન્ટરવ્યુ કંપનીના HR એક્ઝિક્યુટિવ હર્ષલ મહેતા દ્વારા લેવામાં આવ્યું હતું. સંસ્થાના ચેરમેન મિલન દેસાઇ, કેમ્પસ ડિરેક્ટર ડો. મિતલ શાહ, ઈનચાર્જ આચાર્ય પ્રા. સુરભી ચૌધરી, પ્લેસમેન્ટ સેલના સભ્યો તથા તમામ કોલેજ સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યા હતાં.

### સીલધાની દીકરીએ CBSEની પરીક્ષામાં 74.2 ટકા મેળવી ગામનું નામ રોશન કર્યું



વલસાડ: કપરાડાના અંતરિયાળ સિલ્ધા ગામના પટેલપાડાની દીકરી બોંગે પ્રિયાનીકુમારી જગદીશભાઈએ સી.બી.એસ.ઇ. ધોરણ 12ની પરીક્ષામાં સાયન્સ પ્રવાહમાં 74.2 ટકા મેળવી નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીની તરીકે પ્રાપ્ત કરેલી આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. પ્રિયાનીકુમારી દાદરા નગર હવેલીના સીલી ગામ ખાતે આવેલી પીએમ નવોદય વિદ્યાલયમાં અભ્યાસ કરતી હતી. તેમના ઉત્કૃષ્ટ પરિણામથી પરિવારજનો તેમજ સમગ્ર ગામમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ છે. પ્રિયાનીકુમારીએ સતત મહેનત, નિયમિત અભ્યાસ અને શિક્ષકોના માર્ગદર્શનના બળ પર આ સફળતા હાંસલ કરી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

### વાપી હરિયા પાર્કમાં આવેલી શ્રી એલ. જી. હરિયા સ્કૂલનું 100% ટકા પરિણામ

વાપી: વાપી હરિયા પાર્કમાં આવેલી શ્રી એલ. જી. હરિયા સ્કૂલનું 100% ટકા પરિણામ આવ્યું છે. ધોરણ 12 કોમર્સમાં પ્રથમ ક્રમે પુનમ કરાલે અને વેદાંત દામા 95.40%, દ્વિતીય ક્રમે મોનિકા શર્મા 93.60% અને તૃતીય ક્રમે રાજનંદની સિંગ 92.60%. પ્રાપ્ત કર્યા છે. ધોરણ 12 સાયન્સ પ્રથમ ક્રમે તનુશ્રી આચાર્ય 92.80%, દ્વિતીય ક્રમે વેંકટેશ પગારે 91.80% ,તૃતીય ક્રમે નારાયણ શંકર અને રીન્કુસિંગ 91.60% પ્રાપ્ત કર્યા છે. દિયા ભંડેરી સાયકોલોજીના વિષયમાં 100/100 અને સુનિલ કિરોરવાલે એકાઉન્ટન્સી વિષયમાં 100/100 ગુણ પ્રાપ્ત કર્યા છે. વેદાંત દામા બિઝનેસ સ્ટડી અને એકાઉન્ટન્સી બંને વિષયમાં 99/100, પૂનમ કરાલે બિઝનેસ સ્ટડી વિષયમાં 99/100, વિરાટ શર્મા અને રાજનંદની સિંગે એકાઉન્ટન્સી વિષયમાં 99/100 અને તનુશ્રી આચાર્યએ અંગ્રેજી વિષયમાં 99/100 ગુણો પ્રાપ્ત કર્યા છે. આ સર્વ વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્યા બીજ્ઞી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવ્યા હતા.

### એમ.કોમ સેમ-૪નું યુનિ. પરીક્ષામાં વાપી આર.કે.દેસાઈ કોલેજના વિદ્યાર્થીઓ ઝળક્યા



વાપી: આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત એમ. કોમ. સેમ ૪ ના વિદ્યાર્થીઓ 2025-26માં VNSGU દ્વારા લેવાયેલી પરીક્ષામાં જાહેર થયેલા પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે દોડીયા રવિ હરેશભાઈ અને રાઠોડ રિંકલ ગોપાલભાઈ (7.67 SGPA), દ્વિતીય ક્રમે હળપતિ તન્વી અશોકભાઈ અને પટેલ મિતાલી ભીખુભાઈ (7.33 SGPA) અને ત્રીજા ક્રમે પટેલ સલોની પ્રમોદભાઈ અને પટેલ ઉન્નતિ જીતેન્દ્રભાઈ (7.00 SGPA) મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતામાં કોમર્સ વિભાગના પ્રોફેસર્સનું મહત્વનું યોગદાન રહ્યું છે તથા એમ. કોમ વિભાગના હેડ ચિત્રા શેઠ દેસાઇ તથા કોલેજના ઇન્ચાર્જ આચાર્યા ડો. શીતલ ગાંધીનું પણ મહત્વની ભૂમિકા રહી છે. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તેમજ સંસ્થાના ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## ડુંગરી ઓવરબ્રિજ પર વાહનની ટક્કરે વલસાડના યુવકનું મોત

વલસાડ: સુરત-વલસાડ ને.હા. નં. ૪૮ પર ડુંગરી ઓવરબ્રિજ પર મોડી રાત્રે એક અજાણ્યા વાહને બાઈકસવાર યુવકને અડફેટમાં લેતાં તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. વલસાડના કૈલાશ રોડ સ્થિત શેઠીયાનગર, ગુરૂદત્ત એપાર્ટમેન્ટમાં રહેતા ૩૦ વર્ષીય જયમીન મનસુખલાલ ભંડેરી ચીખલી ખાતે આવેલા મયુર બોરવેલમાં મેનેજર તરીકે નોકરી કરતા હતાં. ગત 12 મેના રોજ બીલીમોરા નજીક બોરવેલનું કામ પતાવીને મોડી રાત્રે આશરે પોતાની મોટરસાઈકલ (નં. GJ 15 EQ 8400) લઈને વલસાડ ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના પિતાની ફરિયાદના આધારે ડુંગરી પોલીસે વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## CBSE ધો.12નું પરિણામ, વાપીની શાળાઓ ઝળકી

**ઘણી** શાળાઓનું 100 ટકા પરિણામ, વિદ્યાર્થી-વાલીઓમાં ખુશી

વાપી: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ફેબ્રુઆરી માર્ચ 2026 માં લેવાયેલી ધોરણ 12 સામાન્ય પ્રવાહ તથા 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું બુધવારે પરિણામ ઓનલાઈન જાહેર થયું હતું. આ પરિણામમાં શ્રી સ્વામિનારાયણ CBSE સ્કૂલ સલવાવના 12 સામાન્ય પ્રવાહમાં તમામ 43 વિદ્યાર્થી ઉત્તીર્ણ થતાં શાળાનું 100 % પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહનું પરિણામમાં પ્રથમ ક્રમે શ્રેયાબેન સેન્જાલીયા 96.6%, દ્વિતીય ક્રમે વેદાન્તી યાદવ 95.6%, તૃતીય ક્રમે આર્યન પલાકલ 94% રહ્યા છે. વિદ્યાર્થીની વેદાન્તી યાદવ વિષય ACCOUNTANCY વિષયમાં 100 માંથી 100 ગુણ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં શાળાના તમામ 42 વિદ્યાર્થી ઉત્તીર્ણ થતાં શાળાનું 100 % પરિણામ આવ્યું છે. શાળામાં વિજ્ઞાન પ્રવાહનું પરિણામ મુજબ પ્રથમ ક્રમે સુધાંશુ દ્વિવેદી 94.8%, દ્વિતીય ક્રમે સંજીવ યાધવ 87.6%, તૃતીય ક્રમે લીઝા બુતાની 86 % રહ્યા છે.

જ્યારે વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલ ધો.12 વિજ્ઞાન પ્રવાહ પ્રથમ ક્રમે સાત્વીક ઋષિભ જૈન 91.6 ટકા, બીજા ક્રમે ક્રિશા ખાંડીવાર 91.2 ટકા અને ત્રીજા ક્રમે શ્રેયા ભાવિક પાંચાલ 88 ટકા મેળવ્યા હતા. જ્યારે ધો.12 સામાન્ય પ્રવાહનું પરિણામ 100 ટકા રહ્યું હતું. પ્રથમ ક્રમે સ્નેહ દિલિપ આહિર 84.4 ટકા, બીજા ક્રમે સંકેત પુરૂષોત્તમ અઢાઉ 83 ટકા અને ભાવના પારસમલ માલી 83 ટકા જ્યારે તૃતિય ક્રમે ક્રશ ચેતન આહિર 80.2 ટકા મેળવ્યા હતા. શાળા ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ તથા શાળા આચાર્ય અને સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

## વલસાડ કલેક્ટર તરીકે નિતીન સાંગવાનની નિમણૂક



વલસાડ: બુધવારે સાંજે રાજ્ય વ્યાપી થયેલી આઇએએસ અધિકારીઓની બદલીમાં વલસાડ કલેક્ટર ભવ્ય વર્માની પણ બદલી થઈ ગઈ છે. તેમની બદલી અમદાવાદ થઈ છે. તેમના સ્થાને ગાંધીનગર સ્થિત ડાયરેક્ટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઈનિંગ વિભાગના નિતીન સાંગવાનની વલસાડ કલેક્ટર તરીકે બદલી કરાઈ છે. નિતીન સાંગવાન મૂળ હરિયાણાના નિતીન સાંગવાન 2024 બેચના આઈએએસ અધિકારી છે. તેમણે હરિયાણામાં મિકેનિકલ એન્જિનિયરિંગ અને એમબીએ સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ અગાઉ ગુજરાતમાં અમદાવાદમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. તેમણે અમદાવાદમાં ડીડીઓનો પદભાર પણ સંભાળ્યો છે. ત્યારબાદ મત્સ્ય ઉદ્યોગમાં ડિરેક્ટર તરીકે પણ ફરજ નિભાવી છે.

## વલસાડમાં લવ જેહાદના કિસ્સામાં આરોપીની ધરપકડ

**ઓળખ** છુપાવી પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું, અન્ય યુવતી સાથે પણ દુષ્કર્મ કરી બાળકની માતા બનાવી



વલસાડ: વલસાડમાં લવ જેહાદનો એક કિસ્સો બહાર આવતા જ ચકચાર મચી ગઈ છે. મુસ્લિમ યુવકે આરબાઝ એ પોતાની ઓળખ છુપાવી સોશિયલ મીડિયાના માધ્યમથી એક હિન્દુ યુવતી સાથે મિત્રતા કરી અને ત્યારબાદ તેને પ્રેમ જાળમાં ફસાવી તેની સાથે અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. જોકે વલસાડ ગ્રામ્ય પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વલસાડ નજીકના અતુલમાં રહેતા અરબાઝ ઉર્ફે અબુ નામના એક વિધર્મી યુવકે સોશિયલ મીડિયા પર જીયા નાયકા નામનું એક ફેક આઈડી બનાવી અને પીડિતા સાથે મિત્રતા કરી તેને પ્રેમ જાળમાં ફસાવી હતી અને ત્યાર બાદ પોતાનું સાચું નામ અંકિત ધોડિયા પટેલ હોવાનું જણાવી અને યુવતીને લગ્નની લાલચ આપી અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. આ મામલો પોલીસમાં પહોંચ્યા બાદ તેના દ્વારા વધુ એક યુવતી સાથે દુષ્કર્મ કરી બાળક જન્માવી તરછોડી હોવાનો કિસ્સો પણ બહાર આવ્યો હતો. જેને પગલે મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. પોલીસે ગુનો દાખલ કરી યુવકની ધરપકડ કરી છે.

## વલસાડમાં પેટ્રોલ જ નહીં, પાણી પણ સાચવીને વાપરવું પડશે

**પાલિકા** બે સમય નહીં, એક જ સમય પાણી પૂરું પાડશે

વલસાડ: પેટ્રોલની તંગી સામે લોકો લાઈન લગાવતા જોવા મળી રહ્યા છે. તો બીજી તરફ વલસાડમાં પાણીની પણ તંગી ઊભી થઇ છે. વલસાડમાં અંબિકા નહેર વિભાગ દ્વારા પાણીની સપ્લાય ઓછી થતાં હવે પાલિકાએ લોકોને કરકસરથી પાણી વાપરવાની અપીલ કરી છે.

વલસાડ નગરપાલિકા દ્વારા શહેરમાં બે સમય પાણીનો સપ્લાય કરાતો આવ્યો છે. વલસાડના વોટરવર્ક્સ ખાતેના ડેમમાં ઉનાળા દરમિયાન અંબિકા નહેર વિભાગ દ્વારા પાણીનો પુરવઠો ઠલવાતો હોય છે. જેનું રોટેશન થોડું લંબાયું હોય અને આગામી રોટેશન 23 મેથી ચાલુ થવાનું હોય ત્યાં સુધી વલસાડ નગરપાલિકા દ્વારા શહેરીજનોને બે વખત નહીં, પરંતુ એક જ વખત પાણી પુરું પડાશે. જેના કારણે શહેરમાં પાણીની તંગી ઊભી થશે. પાણી કરકસરથી ઉપયોગ કરવા નગરપાલિકાએ અપીલ કરી છે.

## વલસાડ માર્ગ અને મકાન વિભાગની ગંભીર બેદરકારી

**ધરમપુર** ચોકડી પાસે સળિયા ભરેલા ટ્રેક્ટરે મહિલાને અડફેટે લેતાં ઈજા

વલસાડ: વલસાડ શહેરમાં સરકારી કામોમાં સુરક્ષાના નિયમોના ધજાગરા ઉડતા હોય તેવો કિસ્સો ધરમપુર ચોકડી પાસે પ્રકાશમાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચાલતી ગટરની કામગીરી દરમિયાન, કોઈપણ જાતની સેફ્ટી વગર જોખમી રીતે સળિયા ભરીને જતાં એક ટ્રેક્ટરે મોપેડચાલકને મહિલાને ઈજા પહોંચાડી હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વલસાડ ધરમપુર ચોકડી પાસે ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરી માટે લોખંડના સળિયા લાવવા માટે વપરાતા ટ્રેક્ટરમાં સળિયા બહાર લટકતા હતા અને કોઈ સુરક્ષા કવચ કે લાલ કપડાંની નિશાની પણ નહોતી. રસ્તા પરથી પસાર થઈ રહેલી એક મહિલા મોપેડચાલક આ સળિયાની અડફેટે આવી જતાં તેમને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત મહિલાએ તુરંત 100 નંબર પર ફોન કરી 112 ની ટીમ બોલાવી હતી. સરકારી કોન્ટ્રાક્ટ હોવાથી ડ્રાઈવર અને સાધન ફસાઈ જશે તેવી બીકે કોન્ટ્રાક્ટરના માણસોએ મહિલાને નાણાંની ઓફર કરી હતી. અંતે, પોલીસ ફરિયાદ ટાળવા માટે મહિલાને વળતર આપી 'સમાધાન' કરી લેવાતા મામલો દબાઈ ગયો હતો. આ ઘટનાએ વલસાડ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની નિષ્કાળજી સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. ભરચક ટ્રાફિક ધરાવતી ધરમપુર ચોકડી પર સેફ્ટી વગર સળિયાની હેરાફેરી કરવાની મંજૂરી કોણે આપી? જો આ અકસ્માતમાં મહિલાનો જીવ ગયો હોત, તો તેની જવાબદારી કોન્ટ્રાક્ટર લેત કે અધિકારીઓ?

## કેનેડાના વર્ક વિઝાના બહાને વલસાડના યુવક સાથે રૂ.18.33 લાખની ઠગાઈ

**વલસાડ** પોલીસે ચણવઈના હર્ષ રાઠોડને ઝડપી પાડ્યો, અનેક લોકો ભોગ બન્યા

વલસાડ: કેનેડાના વર્ક વિઝાના બહાને યુવક સાથે રૂ.18.33 લાખની છેતરપિંડીના મામલે વલસાડ રૂરલ પોલીસે ચણવઈના રહેવાસી હર્ષ કૈલાશભાઈ રાઠોડને ઝડપી પાડ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદી કુણાલ દિનકરરાય કોળી પટેલ (રહે., વલસાડ) એ નોંધાવેલી વિગત મુજબ, વર્ષ 2019 માં તેઓને કેનેડા જવા માટે વર્ક પરમિટની જરૂર હતી. આ દરમિયાન તેઓ પારનેરામાં આવેલી 'જય હોલીડેઝ' નામની ઓફિસના એજન્ટ હર્ષ કૈલાશભાઈ રાઠોડ (રહે., ચણવઈ) ના સંપર્કમાં આવ્યા હતા. હર્ષભાઈએ અમદાવાદના એજન્ટ જીતેન્દ્રભાઈ રામાભાઈ પટેલ (જય ઈન્ટરનેશનલ) સાથે મુલાકાત કરાવી તેઓ કેનેડાના વર્ક વિઝા કરાવી આપશે એવી લાલચ આપી લાખો રૂપિયા પડાવી લીધા હતા. આરોપીઓએ ફાઈલ પ્રોસેસિંગ અને LMIA લેટર, કાયમી રેસિડેન્સી (PR) ફાઈલની ફી, મેડિકલ અને બાયોમેટ્રિક ચકાસણીના નામે ચેક અને ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા કુલ રૂ.18.33 લાખથી વધુની રકમ પડાવી લીધી હતી.

આરોપી જીતેન્દ્ર પટેલે ઝૂમ મીટિંગમાં બતાવવાના બહાને ફરિયાદીનો અસલ પાસપોર્ટ પણ પોતાની પાસે રાખી લીધો હતો અને પરત કર્યો ન હતો. જ્યારે ફરિયાદીએ વિઝા અંગે પૃચ્છા કરી, ત્યારે એજન્ટોએ સંતોષકારક જવાબ આપવાને બદલે ફોન બંધ કરી દીધા હતાં. જેના પગલે કુણાલે તપાસ કરતાં અનેક લોકો જય હોલિડેમાં ભોગ બન્યા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે તેમણે આ સંદર્ભે વલસાડ રૂરલ પોલીસમથકે ફરિયાદ કરતા પોલીસે હર્ષ કૈલાશ રાઠોડની ધરપકડ કરી હતી.

## દમણીઝાંપા બ્રિજ નીચે વાહનની ટક્કરે બાઈકસવાર યુવકનું મોત

પારડી: પારડી તાલુકામાં હિટ એન્ડ રનની વધુ એક દુઃખદ ઘટના સામે આવી છે. મૂળ ઉત્તર પ્રદેશના આજમગઢ જિલ્લાના ચકરજઈ ગામના રહેવાસી અને હાલ પારડી તાલુકાના પોણીયા રોડ સ્થિત મારૂતિ બિલ્ડિંગમાં રહેતા હરિકેશકુમાર સુભાષ ચતુર્વેદી પારડીની એક પરફ્યુમ કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત તા. 11 મે 2026ના રોજ સવારે સોનીબેન પોતાની નોકરી માટે કંપનીએ ગયા હતા. સાંજે આશરે 6 વાગ્યે નોકરી પૂર્ણ થયા બાદ મોબાઈલ પર ફોન કરતાં હોસ્પિટલના ડોક્ટરે જાણ કરી હતી કે તેમના પતિ હરિકેશકુમારને પારડી દમણીઝાંપા બ્રિજ નીચે કોઈ અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. તેમને પહેલા સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમની સ્થિતિ વધુ ગંભીર બનતા તા. 12 મે 2026ના રોજ રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. પારડી પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.